પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૯૪ | ૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૯, મંગળવાર; ભાદરવા વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# બજારમાં દિવાળી : ૧૦૭૫ પોઈન્ટનો ઉછાળો

## બુસ્ટર ડોઝની સીધી અસર વચ્ચે શેરબજારમાં સર્વાંગી તેજી રહી : શુક્રવારે ૧૯૨૧ પોઇન્ટના ઉછાળા બાદ વધુ વિક્રમી ઉછાળો નોંધાયો બજાજ ફાઈનાન્સમાં ૯ ટકાનો ઉછાળો : સેંસેક્સ-નિફ્ટીમાં બે સત્રમાં ૮ ટકા ઉછાળો



મુંબઈ, તા. ૨૩

કોર્પોરેટ ટેક્સ રેટમાં શુક્રવારના દિવસે જોરદાર ઘટાડો કરવામાં આવ્યા બાદ શેરબજારમાં તેજીનો માહોલ આજે પણ અકબંધ રહ્યો હતો. આજે શેરબજારમાં બમ્પર તેજી વચ્ચે બેંચમાર્ક ઈન્ડેક્સમાં આશરે ત્રણ ટકાનો ઉછાળો રહ્યો હતો. છેલ્લા બે કારોબારી સત્રમાં સૌથી મોટો ઉછાળો નોંધાઈ ચુક્યો છે. શુક્રવાર બાદથી ઈક્વિટી માર્કેટમાં જોરદાર તેજી જામી છે. શુક્રવારે નાણામંત્રી નિર્મલા સીતારામને કોર્પોરેટ ટેક્સ રેટને ૩૫ ટકાથી ઘટાડીને ૨૫ ટકા કરવાની જાહેરાત કરી હતી. આજે કારોબારના અંતે બેંચમાર્ક બીએસઈ સેંકેસ્કસ ૧૦૭૫ પોઈન્ટ અથવા તો ૨.૮૩ ટકા વધીને ૩૯૦૯૦ની સપાટીએ રહ્યો હતો. બજાજ ફાઈનાન્સના શેરમાં નવ ટકાનો ઉછાળો નોંધાયો હતો. ઈન્ફોસીસના શેરમાં પાંચ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. એચડીએફસી, આઈસીઆઈસીઆઈ બેંક, એલએન્ડટી, આઈટીસી અને એક્સિસ બેંકના શેરમાં સૌથી વધુ ઉછાળો નોંધાયો હતો. એનએસઈમાં નિફ્ટી ૩૨૯ પોઈન્ટ ઉછળીને ૧૧૬૦૩ની સપાટી પર રહ્યો હતો તેમાં ૩૨૯ પોઈન્ટનો ઉછાળો નોંધાયો હતો. નિફ્ટી બેંક ઈન્ડેક્સમાં ૧૫૬૬ પોઈન્ટનો ઉછાળો રહેતા તેની સપાટી ૩૦૫૪૮ રહી હતી. છેલ્લા બે કારોબારી સેશનમાં સેંસેક્સ અને નિફ્ટીમાં આઠ ટકાનો ઉછાળો નોંધાઈ ચુક્યો છે. આઈટી અને ફાર્મામાં ઉથલપાથલ રહી હતી. આઈટી ઈન્ડેક્સમાં ૨.૮૮ ટકાનો ઘટાડો અને નિફ્ટી ફાર્મામાં બે ટકાનો ઘટાડો રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૪૩૪ પોઈન્ટનો ઉછાળો નોંધાતા તેની સપાટી ૧૪૫૫૪ રહી હતી જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૩૬૧ પોઈન્ટનો ઉછાળો રહેતા તેની સપાટી ૧૩૫૬૫ રહી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# ચિદમ્બરમને મળવા સોનિયા ગાંધી તિહાર જેલ પહોંચ્યા

## પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ પણ જોડાયા : બંને પહેલા ચિદમ્બરમના પુત્ર કાર્તિ પણ તિહારમાં પહોંચ્યા



નવી દિલ્હી,તા. ૨૩

કોંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધી અને પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ આજે સવારે પાર્ટીના વરિષ્ઠ નેતા પી. ચિદમ્બરમને મળવા માટે તિહાર જેલમાં પહોંચી ગયા હતા. આ પહેલા સવારમાં તેમના પુત્ર કાર્તિ ચિદમ્બરમ પણ મળવા માટે પહોંચી ગયા હતા. ચિદમ્બરમ આઈએનએક્સ મિડિયા કોંભાડમાં હાલમાં તિહાર જેલમાં છે. તેમને ત્રીજી ઓક્ટોબર સુધી સીબીઆઈની જ્યુડિશિયલ કસ્ટડીમાં રાખવામાં આવ્યા છે. જામીન અરજી પર આજે સુનાવણી કરવામા આવી છે. ચિદમ્બરમ દેશ છોડીને ભાગી શકે છે તેવી રજૂઆત કરવમાં આવી ચુકી છે.પૂર્વકેન્દ્રિય નાણામંત્રી ચિદમ્બરમની ૨૧મી ઓગષ્ટના દિવસે રાત્રે પુછપરછ બાદ તેમના આવાસ પરથી ધરપકડ કરી લેવાઈ હતી. આની સાથે જ હાઈડ્રામાબાજીનો અંત આવ્યો હતો. તે પહેલા પૂર્વ નાણામંત્રીની આવાસ પર હાઈડ્રામાની સ્થિતિ જોવા મળી હતી. સીબીઆઈ અને ઈડીના અધિકારીઓ ચિદમ્બરમના આવાસ પર પહોંચ્યા હતા. જોકે, ચિદમ્બરમના આવાસ ઉપર તપાસ અધિકારીઓને સહકાર ન મળતા એક ટીમ દીવાલ કુદીને ચિદમ્બરમના આવાસ પર પહોંચી હતી. કોંગ્રેસના કાર્યકરોની સાથે મારામારી પણ થઈ હતી. ઘણા સમય સુધી હાઈડ્રામાબાજીનો દોર ચાલ્યો હતો.

# બાલાકોટમાં આતંકવાદી કેમ્પ પુનઃ સક્રિય

## એરસ્ટ્રાઇકમાં ફૂંકાયેલા ટેરર કેમ્પ ફરી સક્રિય : ૫૦૦થી પણ વધારે ત્રાસવાદી આત્મઘાતી હુમલા કરવાની ટ્રેનિંગ લઇ રહ્યા હોવાના હેવાલ : ૩૭૦ની નાબૂદી બાદ હુમલા કરવા આતંકવાદી પર દબાણ



જમ્મુ, તા. ૨૩

આતંકવાદી સંગઠન જૈશે મોહમ્મદે પાકિસ્તાન સ્થિત બાલાકોટમાં ભારતના હવાઈ હુમલા બાદ તબાહ થઈ ગયેલા પોતાના આતંકવાદી કેમ્પોને ફરી એકવાર સક્રિય કરી દીધા છે. આ આતંકવાદી કેમ્પોમાં મોટી સંખ્યામાં આતંકવાદીઓ ટ્રેનિંગ મેળવી રહ્યા છે. માહિતી મુજબ સેંકડોની સંખ્યામાં આતંકવાદીઓ ફરીથી સક્રિય થઈ ચુક્યા છે. સેનાના વડા પણ આ બાબતની કબૂલાત કરી ચુક્યા છે. મળેલી માહિતી મુજબ ૫૦૦થી વધુ આતંકવાદીઓ ફરી એકવાર સક્રિય બની ચુક્યા છે અને યોગ્ય પરિસ્થિતિનો લાભ લઈ ભારતમાં ઘુસણખોરી કરવા માટે તૈયાર છે. ભારતીય સેનાના વડા બિપીન રાવત પણ આ બાબતની કબૂલાત કરી ચુક્યા છે. આતંકવાદી સંગઠન જૈશે મોહમ્મદે પાકિસ્તાનમાં ફરીએકવાર કેમ્પો સક્રિય કર્યા છે. પુલવામામાં આત્મઘાતી હુમલામાં સીઆરપીએફના ૪૦ જવાનો શહીદ થયા હતા ત્યારબાદ ભારતે

● અનુસંધાન પાન-૭ પર

# રેલ્વે દેશમાં ૧૫૦ ટ્રેનોનું સંચાલન ખાનગી કંપનીઓને સોંપવા તૈયાર

ન્યુ દિલ્હી,તા. ૨૩

ભારતીય રેલવેએ દેશમાં રેલવે તંત્રના ખાનગીકરણની દિશામાં વધુ એક પગલુ ભર્યુ છે.રેલવે દેશમાં ૧૫૦ જેટલી ટ્રેનોનુ સંચાલન ખાનગી કંપનીઓને સોંપવા માંગે છે.

એેક અહેવાલમાં રેલવે બોર્ડના ચેરમેન વિનોદ કુમાર યાદવને ટાંકીને કહેવામાં આવ્યુ છે કે, આગામી ચાર પાંચ ર્ષમાં ૧૫૦ જેટલી ખાનગી ટ્રેનો દોડાવવાનો અમારો અંદાજ છે.તેના કારણે લોકોને વેઈટિંગ લિસ્ટથી છુટકારો પણ મળશે.અમે ૧૫૦ પ્રાઈવેટ ટ્રેન સાથે શરુઆત કરવા માંગીએ છે.

તેમણે કહ્યુ હતુ કે, કયા રુટ પર આ ટ્રેનો દોડશે તેના પર હાલમાં સર્વે ચાલી રહ્યો છે.એ પછી ટ્રેનોના સંચાલન માટે પ્રાઈવેટ કંપનીઓ પાસેથી ટેન્ડરો મંગાવાશે.દિલ્હી-મુંબઈ, દિલ્હી-હાવડા કોરિડોર સહિતના બીજા રુટ પર આ ટ્રનો દોડાવવા માટે વિચારણા છે.દિલ્હી હાવડા રુટ અપગ્રેડ કરવા માટે સરકારે ૧૩૦૦૦ કરોડની યોજનાને મંજૂરી આપી છે. તેમણે કહ્યુ હતુ કે, કંપનીઓને અમે ટ્રેનના કોચ અને એન્જીન આયાત કરવા માટે અથવા તો ભારતીય કંપની પાસેથી ખરીદવાના પણ વિકલ્પ આપીશું.

## ન્યુઝ ટ્રેક

### વસ્તી ગણતરી હવે એપથી થશે

દેશમાં પ્રથમ વખત ૨૦૨૧ની વસ્તી ગણતરી ડિજીટલ સ્વરૂપે થશે. તેના માટે કેન્દ્ર સરકારે એક ખાસ મોબાઈલ એપ વિકસાવવાનો દાવો કર્યો છે. આ એપનું નિર્માણ દેશમાં જ કરવામાં આવશે.

### પંજાબ પેટા ચૂંટણી માટે ઉમેદવાર જાહેર

પંજાબમાં ૨૧ ઓક્ટોબરે યોજાનાર ચાર વિધાનસભા ચૂંટણી માટે કોંગ્રેસે પોતાના ઉમેદવાર જાહેર કરી દીધા છે. પાર્ટી અધ્યક્ષ સોનિયા ગાંધીએ તમામ નામ સંબંધીત પ્રસ્તાવોને સ્વીકૃતિ આપી દીધી છે.

### દિલ્હીમાં ડુંગળી ૨૪ રૂ. કિલો

દિલ્હીમાં ડુંગળીની કિંમતને કાબુમાં રાખવા કેજરીવાલ સરકારે પહેલ કરી છે. સરકારે નિર્ણય કર્યો છે કે તેઓ ૨૪ રૂ. કિલો ડુંગળી વેચશે. મોબાઈલવાન દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ડુંગળીનુ વેચાણ કરાશે.

### દોડવીર દુતીચંદ રાજનીતિમાં આવશે

ભારતની સૌથી ઝડપી દોડવીર દુતીચંદે તાજેતરમાં એક ટ્વીટ કર્યુ હતુ. આ ટ્વીટમાં તેઓએ રાજનીતિમાં ઉતરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. તેઓએ જણાવ્યુ હતુ કે તેમનો પરિવાર સ્થાનિક રાજનીતિ સાથે ઘણા વર્ષોથી જોડાયેલા છે.

### કાશ્મીરમાં ૫૦,૦૦૦ બંધ મંદિરો ફરી ખોલવા સર્વે કરાશે

કેન્દ્ર સરકારે જમ્મુ-કાશ્મીરમાં બંધ પડેલા મંદિરો અને સ્કૂલોનો સર્વે કરાવવાનુ નક્કી કર્યુ છે.એ પછી તેને ફરી ખોલવામાં આવશે. બેંગ્લોરમાં ગૃહ રાજ્ય મંત્રી જી કિશન રેડ્ડીએ કહ્યુ હતુ કે, અમે કાશ્મીર ખીણમાં સર્વે કરાવવા માટે એક કમિટી બનાવી છે. પાછલા વર્ષોમાં ખીણમાં ૫૦૦૦૦ મંદિરો બંધ કરાવાયા છે. જેમાંથી કેટલાક મંદિરો કટ્ટરવાદીઓ નષ્ટ કરી દીધા છે

# હાઉડી મોદી : નવી હિસ્ટ્રી અને કેમિસ્ટ્રી બની



**ત્રાસવાદી આકાઓ ક્યાં છે : મોદીનો વેધક પ્રશ્ન : કલમ ૩૭૦ની સાથે અનેક અડચણોને અમે ફેરવેલ આપી ચુક્યા : મોદીનું સન્માન ૧.૩ અબજ લોકોનું સન્માન છે**

હ્યુસ્ટન,તા. ૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાના શહેર ટેક્સાસ ખાતે હ્યુસ્ટનમાં હાઉડી મોદી કાર્યક્રમમાં આક્રમક સંબોધનથી વિશ્વના દેશોને ભારતની તાકાતથી વાકેફ કરાવ્યા હતા. મોદીએ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની હાજરીમાં કહ્યુ હતુ કે અમેરિકામાં હુમલા કરનાર અને ભારતમાં હુમલા કરનાર ત્રાસવાદીઓના આકાઓ ક્યાં છે તે બાબતથી આજે દુનિયાના દેશો વાકેફ છે. પાકિસ્તાનનુ નામ લીધા વગર મોદીએ ટ્રમ્પની હાજરીમાં પાકિસ્તાન પર તેજાબી પ્રહારો કર્યા હતા. મોદીએ કહ્યુ હતુ કે પોતાના ઘરની સમસ્યાઓ ઉકેલાઈ રહી નથી અને બીજાની સમસ્યા પર કેટલાક લોકો ધ્યાન આપી રહ્યા છે. જો કે દુનિયાના દેશો હવે આવા લોકો અને દેશોને સારી રીતે ઓળખી ચુક્યા છે. મોદી ત્રાસવાદ પર વાત કરી રહ્યા હતા ત્યારે ટ્રમ્પ પણ બેઠા હતા. મોદીએ કહ્યુ હતુ કે અમે અનેક જટિલ સમસ્યાને ફેરવેલ આપી ચુક્યા છીએ. જેમાં કલમ ૩૭૦નો પણ સમાવેશ થાય છે. બીજી બાજુ ટ્રમ્પે પણ ભારતને પોતાના સાચા મિત્ર તરીકે ગણાવીને ભરપુર પ્રશંસા કરી હતી. સાથે સાથે કહ્યુ હતુ કે ઈસ્લામિક કટ્ટરપંથી સામે ભારત અને અમેરિકા સાથે મળીને લડનાર છે. બંને દેશો પોતાની સરહદને લઈને બિલકુલ સાવધાન છે. અહીં હિસ્ટ્રી અને કેમિસ્ટ્રી રચનાઈ હોવાની વાત મોદીએ કરી હતી. અમેરિકાના હ્યુસ્ટન શહેરમાં

● અનુસંધાન પાન-૭ પર

# કુખ્યાત ત્રાસવાદી યુસુફ શેખ ઝડપાયો

## ૧૬ વર્ષના ગાળા બાદ કુખ્યાત આંતકવાદી એરપોર્ટ પરથી ઝડપાયો : વહાબ આતંકવાદી સંગઠનને આર્થિક મદદ સહિત સ્લીપર સેલ સાથે સંકળાયેલા હતો : ગુજરાત એટીએસને સફળતા

અમદાવાદ,તા. ૨૩

દેશભરમાં ગોધરાકાંડ બાદ જેહાદી ષડયંત્રના નામે સોફ્ટ ટાર્ગેટ યુવકોને આતંકવાદમાં જોડવાના ષડયંત્રમાં સામેલ કુખ્યાત આંતકવાદી યુસુફ અબ્દુલ વહાબ શેખને અમદાવાદ ક્રાઈમબ્રાંચ અને એટીએસની ટીમે ઝડપી લીધો છે. આતંકી સંગઠનને આર્થિક મદદ સહિત સ્લિપર સેલ સાથે સંકળાયેલા યુસુફ અબ્દુલ વહાબ શેખ સાઉદી અરબના જેદ્દાહથી ભારત પરત ફરી રહ્યો હોવાની ચોક્કસ બાતમી સુરક્ષા એજન્સીઓને મળી હતી. જેના પગલે ભારે ગુપ્તતા સાથે સમગ્ર ઓપરેશન અને વોચ ગોઠવી સુરક્ષા એજન્સીઓએ છેલ્લા ૧૬ વર્ષોથી નાસતા ફરતા આ કુખ્યાત



● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

બેસણું



માજી. ઠકુરાણી સા. પ્રેમકુવરબા હિંમતસિંહજી ચૌહાણ
સ્વ.તા. ૨૦-૦૯-૨૦૧૯, શુક્રવાર

મલાસા કુ.સા. લાલસિંહજી હિંમતસિંહજી ચૌહાણના જયશ્રી માતાજીની વંચાવશોજી દિલગીરી સાથે જણાવવાનું કે અમારા માતૃશ્રી માજી.ઠકુરાણી સા. પ્રેમકુવરબા હિંમતસિંહજી ચૌહાણનું દુઃખદ અવસાન થયેલ છે ઈશ્વરને ગમ્યુ તે ખરૂ

સ્વર્ગસ્થનું બેસણું તા. ૨૬/૯/૧૯ નેગુરૂવારના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦સુધી રાખેલ છે.

સ્થળ :- "હિંમત વિલા" દરબાર ગઢ - મલાસા
તા. ભિલોડા, જી. અરવલ્લી
મો.૯૪૨૬૦૬૭૨૫૪, ૯૭૨૬૦૬૭૨૫૪ (લાલસિંહ ચૌહાણ)

લિ.

કુ.સા. લાલસિંહજી હિંમતસિંહજી ચૌહાણ
વિષ્ણુકુંવરબા લાલસિંહજી ચૌહાણ
(સદસ્ય - ભિલોડા જીલ્લા પંચાયત સીટ તથા પૂર્વ ચેરમેન શિક્ષણ સમિતિ)